This Question Booklet Contains 08 Printed Pages આ પ્રશ્નપત્રમાં કુલ 08 છાપેલા પાનાં છે.

પ્રશ્નપુસ્તિકા કોડ

પ્રશ્નપુસ્તિકા નંબર

# JCS-2025

**A**

ઉમેદવારનો બેઠક નંબર

| | | | | | |
|---|---|---|---|---|---|
| | | | | | |

કુલ પ્રશ્નો : 50
કુલ ગુણ : 50
સમય : 30 મિનિટ

Total Que. : 50
Total Marks : 50
Time : 30 Minutes

**તમને સૂચના આપવામાં ન આવે ત્યાં સુધી પ્રશ્નપુસ્તિકા ખોલવી નહી.**

**ખાસ સૂચના : 1 થી 50 પ્રશ્નો પુરેપૂરા છપાયેલા છે કે કેમ તેની પ્રથમ ખાતરી કરી લો. જો પ્રશ્નો પૂરા છપાયા ન હોય અથવા કોઈ પૃષ્ઠ ફાટેલું હોય કે કોઈ પૃષ્ઠ સામેલ ન હોય અથવા તો અન્ય કોઈ ક્ષતિ જણાય તો તરત જ ખંડ નિરીક્ષક પાસેથી પ્રશ્નપુસ્તિકા અચૂક બદલાવી લેવી.**

**(01)** આ પ્રશ્નપત્રમાં કુલ **50** પ્રશ્નો છે. પ્રત્યેક પ્રશ્નનો ઉત્તર **A, B, C** અને **D** પૈકી કોઈ એક છે. બધા જ પ્રશ્નોના ઉત્તર આપવા ફરજીયાત છે. આ સાથે અલગ આપેલ **OMR** ઉત્તરપત્રમાં જ ઉત્તર આપવાના છે.

**ઉદાહરણ તરીકે :**

**ભારતના રાષ્ટ્રપિતા તરીકે કોણ ઓળખાય છે?**

**A)** સરદાર પટેલ **B)** સુભાષચંદ્ર બોઝ
**C)** મહાત્મા ગાંધી **D)** વિનોબા ભાવે

**ઉત્તરપત્ર (OMR SHEET) માં.**

Ⓐ Ⓑ ● Ⓓ

ઉપર્યુક્ત ઉદાહરણનો જવાબ **"C"** છે. આથી **"C"** નું વર્તુળ ઘાટું **(encode)** કરેલ છે. સાચી અને ખોટી પદ્ધતિથી વર્તુળ ઘાટું કરવા બાબતની સૂચના **OMR** માં આપેલ છે જેની નોંધ લેવી.

**(02)** **1** થી **50** પ્રશ્નો પુરેપૂરા છપાયેલા છે કે કેમ તેની પ્રથમ ખાતરી કરી લો. જો પ્રશ્નો પૂરા છપાયા ન હોય અથવા કોઈ પૃષ્ઠ ફાટેલું હોય કે કોઈ પૃષ્ઠ સામેલ ન હોય અથવા તો અન્ય કોઈ ક્ષતિ જણાય તો તરત જ નિરીક્ષક પાસેથી પ્રશ્નપુસ્તિકા અચૂક બદલાવી લેવી.

ઉમેદવારને **OMR** ઉત્તરપત્ર મળ્યા બાદ જો તેઓ દ્વારા તેનો નાશ કરવામાં આવશે કે ગુમ કરવામાં આવશે તો તે ઉમેદવારને ગેરલાયક ઠરાવવામાં આવશે.

**(03)** પરીક્ષા શરૂ થયેથી ઉમેદવાર અધવચ્ચેથી પરીક્ષા ખંડ છોડી શકશે નહી.

**(04)** ઉમેદવારને મળેલ **OMR** ઉત્તરપત્ર અને પ્રશ્નપુસ્તિકાનો નંબર, બેઠક નંબરથી અલગ હોઈ શકે, **OMR** ઉત્તરપત્રમાં નિયત કરેલ જગ્યાએ પોતાનો બેઠક નંબર સ્વચ્છ અક્ષરે લખવાનો રહેશે અને બેઠક નંબર નીચે આપેલ વર્તુળ પણ ઘાટું **(encode)** કરવાનું રહેશે તેમજ મળેલ પ્રશ્નપુસ્તિકાનો નંબર તથા કોડ નિયત જગ્યાએ લખીને તેની નીચે આપેલ વર્તુળ પણ ઘાટું **(encode)** કરવાનું રહેશે તે મુજબ જ ઉમેદવારને ગુણ મળવાપાત્ર થશે. લખેલી વિગતો અને ઘાટું **(encode)** કરેલ વર્તુળની વિગતો યોગ્ય રીતે ભરાયેલ છે તેની ખાતરી કરી લેવી.

**(05)** પ્રત્યેક સાચા જવાબદીઠ **1** (એક) ગુણ મળવાપાત્ર થશે. ગુણાંકન પધ્ધતિમાં માઈનસ પધ્ધતિ રાખવામાં આવી નથી. જે મુજબ - પ્રત્યેક ખોટા જવાબ, ખાલી છોડેલ જવાબ, છેકછાક કરેલ હોય તેવા જવાબ તથા **OMR** માં જણાવ્યા પ્રમાણેની ખોટી પદ્ધતિથી કે એક કરતાં વધુ વિકલ્પ દર્શાવેલ જવાબના ગુણ આપવામાં આવશે નહીં.

**(06)** **OMR** ઉત્તરપત્રમાં નિશ્ચિત જગ્યા સિવાય ઉમેદવારે પોતાનો બેઠક ક્રમાંક લખવો નહીં તથા પોતાની ઓળખ છતી થાય તેવી નામ કે અન્ય કોઈ પણ પ્રકારની નિશાની દર્શાવવાની સખત મનાઈ છે. તેમ છતાં પણ કોઈ પણ નિશાની કે ઓળખ કર્યાનું માલૂમ પડશે તો તેને સંપૂર્ણ ગેરશિસ્ત ગણવામાં આવશે અને પરીક્ષા માટે ગેરલાયક ગણવામાં આવશે.

**(07)** ઉત્તરપત્ર **(OMR SHEET)** માં ઉમેદવાર તથા નિરીક્ષક બંનેની સહી ફરજિયાત છે. બંનેની સહી વિનાની **OMR SHEET** (ઉત્તરપત્ર) વાળા ઉમેદવાર ગેરલાયક ઠરશે.

**(08)** પરીક્ષા દરમ્યાન ઉમેદવાર પાસેથી કોઈ પણ સાહિત્ય, માર્ગદર્શિકા, કાપલી, અન્ય હસ્તલિખિત કે પ્રિન્ટેડ સાહિત્ય, મોબાઈલ ફોન, પેજર, કેલક્યુલેટર, બ્લુટુથ, સ્માર્ટ વોચ કે અન્ય વીજાણુ ઉપકરણો હોવાનું જણાશે તો ઉમેદવારને ગેરલાયક ગણવામાં આવશે.

**(09)** આ જવાબવહી કોમ્પ્યુટર દ્વારા તપાસાવાની હોવાથી તે વળે, ફાટે કે બગડે નહિ તેની ખાસ કાળજી રાખવી તથા જવાબવહીની ગડી વાળવી નહીં.

**(10)** પ્રશ્નપુસ્તિકામાં કોરી જગ્યામાં રફ કામ કરવું. તે માટે અલગ કાગળ આપવામાં આવશે નહીં. જવાબવહીમાં કઈ પણ રફ વર્ક કરવું નહીં. પ્રશ્નપુસ્તિકામાં જવાબો લખવાની મનાઈ છે.

**(11)** પ્રશ્નપુસ્તિકામાં કોઈ પૃષ્ઠ ફાડવા કે જુદાં કરવાની મનાઈ છે.

**(12)** ચાલુ પરીક્ષા દરમ્યાન અંદરોઅંદર ગુસપુસ કરવી, અવાજ કરવો કે નિરીક્ષકની સૂચનાઓનું ઉલ્લંઘન કરવું કે અન્ય કોઈ ગેરરીતી કરવી તે ગેરશિસ્ત ગણાશે.

**(13)** ઉમેદવારે ભૂરી/કાળી બોલપોઈન્ટ પેનથી ઉત્તરો લખવાના છે. અન્ય શાહી કે પેન કે પેન્સિલ તથા સફેદ શાહીનો ઉપયોગ કરી શકાશે નહીં તથા સફેદ શાહી **(White Ink)**, બ્લેડ કે રબ્બરથી કે અન્ય કોઈ પણ રીતે પ્રશ્નના જવાબમાં કરેલા સુધારા માન્ય ગણાશે નહીં.

**પરીક્ષા આપનાર ઉમેદવારે ઉત્તરપત્ર (OMR SHEET) વર્ગનિરીક્ષકને પરત કર્યા બાદ જ વર્ગખંડ છોડવાનો રહેશે. તેમ કરવામાં કસુર થયેથી શિસ્તભંગના પગલાં ગણી પરીક્ષા માટે ઉમેદવારને ગેરલાયક ઠેરવવામાં આવશે.**

**001.** APAAR ID કેટલા અંકનો હોય છે?
(A) 9 (B) 10 (C) 12 (D) 14

**002.** ભારતમાં શિક્ષક દિવસ કયા વર્ષથી ઉજવવામાં આવે છે?
(A) 1951 (B) 1888 (C) 1960 (D) 1962

**003.** નીચે પૈકી કોનો સમાવેશ PM e-VIDYA માં થાય છે?
(A) માત્ર JEE અને NEET સ્પર્ધાત્મક પરીક્ષાની તૈયારી માટે IITPAL અને E-Abhyas
(B) માત્ર ખાસ જરૂરિયાત ધરાવતા બાળકો (CWSN) માટે e-Content
(C) માત્ર DIKSHA પોર્ટલ
(D) આપેલ તમામ

**004.** NEP 2020 મુસદ્દા સમિતિના અધ્યક્ષ કોણ હતા?
(A) ડૉ. યશપાલ શર્મા (B) ડૉ. કે. કસ્તુરીરંગન
(C) પ્રો. જી. રાજગોપાલ (D) કૈલાશ શિવાન

**005.** NEP 2020 અનુસાર નવું અભ્યાસક્રમ માળખું શું છે?
(A) 3+4+4+5 મૉડેલ (B) 5+4+3+3 મૉડેલ
(C) 5+3+3+4 મૉડેલ (D) 4+3+3+5 મૉડેલ

**006.** કઈ શૈક્ષણિક સંસ્થા પ્રારંભિક બાળપણની સંભાળ અને શિક્ષણ માટે NEP 2020 સૂચિત શિક્ષણશાસ્ત્રનું માળખું તૈયાર કરશે?
(A) NCERT (B) NTSC (C) AICTE (D) NMC

**007.** 2024 માં, શાળાના નેતૃત્વ અને સંચાલનને મજબૂત કરવા માટે કયો કાર્યક્રમ રજૂ કરવામાં આવ્યો છે?
(A) SAMARTH (B) UDAAN
(C) LEAP (D) આપેલ પૈકી એકપણ નહિ

**008.** નાણાં બજારની નિયમનકારી સંસ્થા નીચે પૈકી કઈ છે?
(A) RBI (B) SEBI (C) IRDAI (D) AMFI

**009.** MYSY સ્કોલરશિપ અંતર્ગત નીચે પૈકી કયા માટે શિષ્યવૃતિ મળવાપાત્ર છે?
(A) માત્ર ટ્યુશન ફી (B) માત્ર હોસ્ટેલ ફી
(C) માત્ર પુસ્તકો/સાધનો પાછળ થતો ખર્ચ (D) આપેલ તમામ

**010.** સ્માર્ટ ઈન્ડિયા હેકાથોન (SIH) 2024 ના Grand Finale નું ઉદ્‌ઘાટન કોના દ્વારા કરવામાં આવ્યું હતું?
(A) પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદી (B) રાષ્ટ્રપતિ શ્રીમતી દ્રૌપદી મુર્મુ
(C) કેન્દ્રીય મંત્રીશ્રી ધર્મેન્દ્ર પ્રધાન (D) વિદેશ મંત્રીશ્રી એસ. જયશંકર

**011.** કઈ કંપનીએ 29 ભારતીય ભાષાઓમાં YouTube ચેનલો શરૂ કરવા NCERT સાથે ભાગીદારી કરી?
(A) માઈક્રોસોફ્ટ (B) ગુગલ
(C) એપલ (D) આપેલ પૈકી એકપણ નહિ

012. નીતિ આયોગે કયા મેટ્રોપોલિટન પ્રદેશમાં ઉચ્ચ શિક્ષણને વધારવા માટે 'EduCities' વિકસાવવાની દરખાસ્ત કરી છે?
(A) દિલ્હી (B) પૂણે (C) બેંગ્લોર (D) મુંબઈ

013. 2025 માં બ્લાઈન્ડ માટેના મહિલા T 20 વર્લ્ડ કપનું યજમાન કયો દેશ છે?
(A) ઓસ્ટ્રેલિયા (B) ઈંગ્લેંડ (C) સાઉથ આફ્રિકા (D) ભારત

014. મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલે 27 સપ્ટેમ્બર 2024ના રોજ __________ ખાતેથી રાજ્યવ્યાપી ગરીબ કલ્યાણ મેળાનો પ્રારંભ કરાવ્યો હતો.
(A) ભુજ (B) પલસાણા (C) પારડી (D) ડીસા

015. વીર બાળ દિવસ કયા દિવસે ઉજવવામાં આવે છે?
(A) 25 ડિસેમ્બર (B) 26 ડિસેમ્બર (C) 27 ડિસેમ્બર (D) 28 ડિસેમ્બર

016. પૂર્વ વડાપ્રધાન ડો. મનમોહન સિંઘ બાબતે નીચે પૈકી કયું સાચું છે?
(A) તેમણે RBI ના ગવર્નર તરીકે સેવા આપી હતી
(B) તેઓ વર્ષ 1991 માં UGC ના અધ્યક્ષ બન્યા હતા
(C) તેમણે નાણાં મંત્રાલયના સચિવ તરીકે કામગીરી બજાવેલ હતી
(D) આપેલ તમામ

017. ડિસેમ્બર 2024 માં મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે રાજ્ય સરકારના સફળ સુશાસનના બે વર્ષ પૂર્ણ થવા નિમિત્તે ગુજરાતના પ્રથમ 'શ્રમિક સુવિધા કેન્દ્ર'નું લોકાર્પણ કયા જિલ્લામાં કર્યું?
(A) અમદાવાદ (B) અમરેલી (C) બનાસકાંઠા (D) સુરત

018. નીચેનામાંથી કયા ગામને સોલાર વિલેજ જાહેર કરવામાં આવ્યું છે?
(A) ખેરાલુ (B) વડનગર
(C) આંબલિયાસણ (D) મોઢેરા

019. વર્ષ 2024માં રાષ્ટ્રીય જળ પુરસ્કાર એવોર્ડ કાર્યક્રમમાં ગુજરાતને ઉત્તમ રાજ્યની કેટેગરીમાં દેશમાં કયું સ્થાન પ્રાપ્ત થયું?
(A) પહેલું (B) બીજું (C) ત્રીજું (D) ચોથું

020. 11 જૂન, 2025 ની સ્થિતિએ RBI ના ગવર્નર કોણ છે?
(A) શ્રી સંજય મૂર્તિ (B) શ્રી સંજય મલ્હોત્રા
(C) શ્રી સંજય ગર્ગ (D) શ્રી સંજીવ ખન્ના

021. ગુજરાત મુલ્કી સેવા (મુસાફરી ભથ્થાં) નિયમો, 2002 ના નિયમ 30 મુજબ વાહન ભથ્થું મંજુર કરવાની સમય મર્યાદા બાબતે નીચે પૈકી કયું સાચું છે?
(A) એકી સમયે બે માસ કરતાં વધુ સમયગાળા માટે વાહન ભથ્થું મંજૂર કરી શકાશે નહિ.
(B) એકી સમયે છ માસ કરતાં વધુ સમયગાળા માટે વાહન ભથ્થું મંજૂર કરી શકાશે નહિ.
(C) એકી સમયે એક વર્ષ કરતાં વધુ સમયગાળા માટે વાહન ભથ્થું મંજૂર કરી શકાશે નહિ.
(D) એકી સમયે બે વર્ષ કરતાં વધુ સમયગાળા માટે વાહન ભથ્થું મંજૂર કરી શકાશે નહિ.

**022.** ગુજરાત મુલ્કી સેવા (ફરજ પર જોડાવાનો સમય, ફરજમોકૂફી વગેરે) નિયમો, 2002 મુજબ ફરજ પર જોડાવાના સમય બાબતે નીચે પૈકી કયું સાચું છે?

(A) પોતે જૂની જગાનો હવાલો સોંપીને, કોઈ રજા ભોગવ્યા સિવાય, એના એ જ અથવા નવા મથકે, નવી જગાએ જોડાવા માટે સરકારી કર્મચારીને ફરજ પર જોડાવાનો સમય મળવાપાત્ર છે

(B) નવા મથકે અથવા નવી જગાએ છ મહિનાથી વધારે નહિ તેવી રજા પરથી પાછા ફરતા હાજર થવા સરકારી કર્મચારીને ફરજ પર જોડાવાનો સમય મળવાપાત્ર છે

(C) નિમણૂંકમાં થતા ફેરફારને કારણે ખરેખર કચેરી બદલાતી ન હોય તો ફરજ પર જોડાવા માટેનો સમય સરકારી કર્મચારીને મળવાપાત્ર નથી

(D) આપેલ તમામ

**023.** ગુજરાત મુલ્કી સેવા (ફરજ પર જોડાવાનો સમય, ફરજમોકૂફી વગેરે) નિયમો, 2002 મુજબ નીચે પૈકી કયું વિધાન સાચું છે?

(A) ફરજમોકૂફી હેઠળના સરકારી કર્મચારીને રજા મંજૂર કરી શકાય

(B) સરકારી કર્મચારીને બરતરફ અથવા રુખસદ કરવામાં આવે ત્યારે આવી બરતરફી કે રુખસદની તારીખ જે મહિનામાં આવતી હોય તે મહિનાની છેલ્લી તારીખ બાદથી તેના પગાર અને ભથ્થાં બંધ થાય છે.

(C) A અને B બંને સાચા છે

(D) આપેલ પૈકી એકપણ વિકલ્પ સાચા નથી

**024.** ગુજરાત મુલ્કી સેવા (રહેણાંકના મકાનોમાં વસવાટ) નિયમો, 2002 ના નિયમ 20 મુજબ સરકાર સરકારી કર્મચારીને રહેણાંક આવાસ ફાળવે ત્યારે તેણે તે આવાસની કક્ષા માટે ___________ ચૂકવવું પડશે.

(A) નિયત અધિકૃત ભોગવટાનું ભાડું (B) પૂરેપૂરું ધોરણસરનું ભાડું
(C) બજાર ભાડું (D) આર્થિક ભાડું

**025.** ગુજરાત મુલ્કી સેવા (પગાર આધારિત ભથ્થાં) નિયમો, 2002 ના નિયમ 49 મુજબ માનદ્ વેતન સંબંધે નીચે પૈકી કયું સાચું છે?

(A) શૈક્ષણિક પરીક્ષાઓ સિવાયની, જાહેર સેવા આયોગ કે અન્ય ખાતાઓ તરફથી, લેવામાં આવતી ખાતાકીય પરીક્ષાઓ સહિતની પરીક્ષાઓમાં કામ કરવા માટે સરકારી કર્મચારીને સરકારે વખતોવખત ઠરાવ્યા મુજબ માનદ્ વેતન મળવાપાત્ર છે.

(B) આવી પરીક્ષા સંબંધે કામ કરનાર કર્મચારીએ માનદ્ વેતન સ્વીકારવા માટે સક્ષમ સત્તાધિકારીની મંજૂરી લેવી પડે.

(C) A અને B બંને સાચા છે.

(D) આપેલ પૈકી એકપણ વિકલ્પ સાચો નથી.

**026.** ગુજરાત મુલ્કી સેવા (રજા) નિયમો, 2002 ના નિયમ 46 મુજબ વેકેશન ખાતા સિવાયના અન્ય ખાતામાં કામ કરતાં સરકારી કર્મચારીને તેની નોકરીના પ્રત્યેક અર્ધવાર્ષિક ગાળા પેટે કેટલા દિવસના દરે પ્રાપ્ત રજા મળવાપાત્ર છે?

(A) 6 (B) 10 (C) 12 (D) 15

**027.** ગુજરાત મુલ્કી સેવા (રજા) નિયમો, 2002 ના નિયમ 24 મુજબ રજા માટે કે રજાની મુદ્દત લંબાવી આપવા માટે રજા મંજૂર કરનાર સક્ષમ સત્તાધિકારીને કયા નમૂનામાં અરજી કરવી જોઈએ?

(A) નમૂના - 1 (B) નમૂના - 2 (C) નમૂના - 3 (D) નમૂના - 4

**028.** ગુજરાત મુલ્કી સેવા (નોકરીની સામાન્ય શરતો) નિયમો, 2002 ના નિયમ 11 મુજબ નોકરીમાં કાયમી નિયુક્તિ અથવા નોકરીમાં ચાલુ રાખવા બાબતે શારીરિક યોગ્યતાના તબીબી પ્રમાણપત્ર અંગેની પૂર્વ શરત મુજબ યોગ્ય તબીબી અધિકારી દ્વારા કર્મચારીને પૂરેપૂરો અયોગ્ય જાહેર કરવામાં આવે તો તબીબી અધિકારીના નિર્ણયની જાણ થયાની તારીખ પછી કર્મચારીએ કેટલા સમયની અંદર અપીલ કરવી ફરજિયાત બને છે?

(A) 7 दिन (B) 15 दिन (C) 1 માસ (D) 3 दिन

**029.** ગુજરાત મુલ્કી સેવા (નોકરીની સામાન્ય શરતો) નિયમો, 2002 ના નિયમ 40 મુજબ સેવાપોથીમાં જન્મ તારીખની નોંધ કરતી વખતે જન્મના વર્ષ અને માસ બંનેની જાણ હોય પરંતુ ચોક્કસ તારીખની જાણ ન હોય ત્યારે તે માસની કઈ તારીખને જન્મ તારીખ ગણવામાં આવશે?

(A) 1લી (B) 16મી

(C) છેલ્લી (D) આપેલ પૈકી એકપણ નહિ

**030.** ગુજરાત મુલ્કી સેવા (રહેણાંકના મકાનોમાં વસવાટ) નિયમો, 2002 ના નિયમ 28 મુજબ રહેણાંકના આવાસો, સરકારની નોકરીમાં હોય તે કર્મચારીઓ સિવાયની અન્ય વ્યક્તિઓને ભોગવટા માટે આપવાના નિયમો __________ દ્વારા વખતો વખત નિશ્ચિત કરવામાં આવશે.

(A) નાણાં વિભાગ (B) જે તે સંબંધિત કર્મચારીની વડી કચેરી

(C) સરકારના માર્ગ અને મકાન ખાતા (D) ગૃહ વિભાગ

**031.** મુંબઈ પ્રાથમિક શિક્ષણ અધિનિયમ, 1947 ની કઈ કલમમાં વિદ્યાસહાયકની પસંદગી માટે ચર્ચા કરવામાં આવેલ છે?

(A) કલમ 22 A (B) કલમ 23 A

(C) કલમ 24 (D) આપેલ પૈકી એકપણ નહિ

**032.** મુંબઈ પ્રાથમિક શિક્ષણ અધિનિયમ, 1947 ની કલમ 10 મુજબ દરેક અધ્યક્ષ અથવા ઉપાધ્યક્ષ, જેઓ સ્કુલબોર્ડની રજા વગર, સતત કેટલા સમય કરતા વધારે મુદ્દત સુધી જિલ્લામાંથી ગેરહાજર રહે તો તેઓ અધ્યક્ષ અથવા ઉપાધ્યક્ષના પદ પરથી દૂર થશે.

(A) બે મહિના (B) ત્રણ મહિના (C) એક મહિનો (D) 45 દિવસ

**033.** મુંબઈ પ્રાથમિક શિક્ષણ અધિનિયમ, 1947 ની કઈ કલમ મુજબ દરેક જિલ્લા સ્કૂલ બોર્ડ "__________ નું જિલ્લા સ્કૂલ બોર્ડ" એ નામનું સંસ્થાપિત બોર્ડ રહેશે અને તેને શાશ્વત ઉત્તરાધિકાર રહેશે અને તેને સામાન્ય સિક્કો રહશે?

(A) કલમ 11 (B) કલમ 11 A (C) કલમ 12 (D) કલમ 12 A

**034.** મુંબઈ પ્રાથમિક શિક્ષણ અધિનિયમ, 1947 ની કઈ કલમમાં મ્યુનિસિપલ સ્કૂલ બોર્ડની સત્તા, ફરજો અને કાર્યોનો સમાવેશ થાય છે?

(A) કલમ 17 (B) કલમ 18 (C) કલમ 19 A (D) કલમ 19

**035.** મુંબઈ પ્રાથમિક શિક્ષણ અધિનિયમ, 1947 ની કઈ કલમમાં માન્ય ખાનગી પ્રાથમિક શાળાઓના શિક્ષકોને શિક્ષા કરવા માટેની કાર્યરીતિ આપેલ છે?

(A) કલમ 40 A (B) કલમ 40 B (C) કલમ 40 C (D) કલમ 40 D

036. મુંબઈ પ્રાથમિક શિક્ષણ અધિનિયમ, 1947 ની કલમ 58 મુજબ પ્રાથમિક શિક્ષણ બોર્ડના સભ્યો કેટલા વર્ષની મુદ્દત માટે હોદ્દો ધરાવશે?
(A) 1 (B) 2 (C) 3 (D) 5

037. જિલ્લાની હદમાં ફેરફાર સિવાયના સંજોગોમાં મુંબઈ પ્રાથમિક શિક્ષણ અધિનિયમ, 1947 ની કઈ કલમ હેઠળ રાજ્ય સરકાર રાજ્યપત્રમાં હૂકમ કરીને સ્કૂલ બોર્ડનું વિસર્જન કરી શકે?
(A) કલમ 54 (B) કલમ 55 (C) કલમ 56 (D) કલમ 57

038. મુંબઈ પ્રાથમિક શિક્ષણ અધિનિયમ, 1947 ની કલમ 45 મુજબ પ્રાથમિક શિક્ષણફંડ કોના નામે રહેશે?
(A) રાજ્ય સરકાર
(B) જે તે જિલ્લાની મ્યુનિસિપાલીટી
(C) સ્કૂલ બોર્ડ
(D) આપેલ પૈકી એકપણ નહિ

039. મુંબઈ પ્રાથમિક શિક્ષણ અધિનિયમ, 1947 ના કયા પ્રકરણમાં રાજ્ય સરકાર અને સ્થાનિક મંડળો વચ્ચેના નાણાંકીય સંબંધોની ચર્ચા કરવામાં આવેલ છે?
(A) પ્રકરણ 8
(B) પ્રકરણ 9
(C) પ્રકરણ 10
(D) આપેલ પૈકી એકપણ નહિ

040. મુંબઈ પ્રાથમિક શિક્ષણ અધિનિયમ, 1947 માં પ્રકરણ 5 નીચે પૈકી કયુ છે?
(A) ફરજિયાત શિક્ષણની યોજનાઓ તૈયાર કરી તેનો અમલ કરવા બાબત
(B) ખાનગી પ્રાથમિક શાળાઓને માન્યતા આપવા બાબત
(C) પ્રાથમિક શિક્ષણ બોર્ડ
(D) વહીવટી તંત્ર

041. મુંબઈ પ્રાથમિક શિક્ષણ અધિનિયમ, 1947 ની કલમ 21 અન્વયે નિમાયેલ વહીવટી અધિકારી બાબતે નીચે પૈકી શું સાચું છે?
(A) નિમાયેલ વહીવટી અધિકારી સરકારનો નોકર ગણાશે. તે તેના પગાર અને ભથ્થાં સરકારની ઉપજમાંથી મેળવશે.
(B) નિમાયેલો વહીવટી અધિકારી અધિકૃત નગરપાલિકાનો નોકર ગણાશે અને તે તેના પગાર, ભથ્થાં, પ્રોવિડન્ટ ફંડ, ગ્રેચ્યુઈટી અને પેન્શન પ્રાથમિક શિક્ષણ ફંડમાંથી મેળવશે.
(C) અધિકૃત નગરપાલિકા દ્વારા તેની નિમણૂંક કરવામાં આવશે.
(D) આપેલ પૈકી એકપણ નહિ

042. મુંબઈ પ્રાથમિક શિક્ષણ નિયમો, 1949 ની જોગવાઈ અનુસાર જિલ્લા સ્કૂલ બોર્ડના બિન સરકારી સભ્યો અને અધ્યક્ષને રેલ્વેથી મુસાફરીના કિસ્સામાં કેટલું દૈનિક ભથ્થું મળવાપાત્ર થશે?
(A) વર્ગ - 2 ના આવવા જવાના ભાડા જેટલું
(B) વર્ગ - 2 ના આવવા જવાના ભાડાથી દોઢુ ભાડું
(C) વર્ગ - 1 ના આવવા જવાના ભાડા જેટલું
(D) વર્ગ - 1 ના આવવા જવાના ભાડાથી અડધું ભાડું

043. મુંબઈ પ્રાથમિક શિક્ષણ નિયમો, 1949 ની જોગવાઈ અનુસાર જે સ્કૂલ બોર્ડના સભ્યોની કુલ સંખ્યા 14 હોય ત્યાં કેટલા સભ્યોનું કોરમ બનશે?
(A) ત્રણ
(B) ચાર
(C) પાંચ
(D) આપેલ પૈકી એકપણ નહી

044. મુંબઈ પ્રાથમિક શિક્ષણ નિયમો, 1949 ની જોગવાઈ અનુસાર સામાન્ય રીતે સ્કૂલ બોર્ડ પોતાના કાર્ય સંચાલન માટે કેટલા સમયે એકવાર મળશે?

(A) બે મહીને
(B) દર મહીને
(C) દર પંદર દિવસે
(D) આપેલ પૈકી એકપણ નહિ

045. મુંબઈ પ્રાથમિક શિક્ષણ નિયમો, 1949 ની જોગવાઈ અનુસાર સ્કૂલ બોર્ડના ચૂંટાયેલા અને રાજ્ય સરકારે નિયુક્ત કરેલા અથવા નીમેલા બધા સભ્યોના નામ રાજપત્રમાં પ્રસિદ્ધ થયા પછી અધ્યક્ષ અને ઉપાધ્યક્ષની ચૂંટણી માટેની બેઠક બોલાવવામાં ___________ દિવસથી મોડું થવું જોઈએ નહિ.

(A) 7
(B) 15
(C) 21
(D) 30

046. મુંબઈ પ્રાથમિક શિક્ષણ નિયમો, 1949 ની જોગવાઈ અનુસાર મદદનીશ શિક્ષણ નિરીક્ષકની સત્તા અને ફરજો નીચે પૈકી કઈ છે?

(A) દર વર્ષે ઓછામાં ઓછી એક વખત તેના બીટમાંની દરેક માન્ય શાળાની ઓચિંતી મુલાકાત લેવી.
(B) તેણે જિલ્લાના પ્રાથમિક શિક્ષણની પ્રગતિ અંગે રિપોર્ટ લખવા.
(C) તેણે ખાનગી પ્રાથમિક શાળાઓને માન્ય કરવાના અથવા તેની માન્યતા પાછી ખેંચી લેવાના સંબંધમાં, પોતાની ભલામણો સંબંધ ધરાવતા સ્કૂલબોર્ડને સાદર કરવી.
(D) આપેલ તમામ

047. મુંબઈ પ્રાથમિક શિક્ષણ અધિનિયમ, 1947 ની કઈ કલમમાં જિલ્લા સ્કૂલબોર્ડની સત્તા, ફરજો અને કાર્યો દર્શાવેલા છે?

(A) કલમ 9
(B) કલમ 37
(C) કલમ 13
(D) કલમ 60

048. મુંબઈ પ્રાથમિક શિક્ષણ નિયમો, 1949 ની જોગવાઈ અનુસાર વિદ્યાર્થીને 30 દિવસ કરતા વધુ મુદત માટે હાજરીમાંથી માફી આપવાની અથવા ગેરહાજર રહેવા માટેની રજા નીચે પૈકી કોણ આપી શકશે?

(A) શાળાનો વડો
(B) મદદનીશ શિક્ષણ નિરીક્ષક
(C) વહીવટી અધિકારી
(D) સ્કૂલ બોર્ડ

049. નવી ખાનગી પ્રાથમિક શાળા શરૂ કરવા માટે કયા નમૂનામાં અરજી કરવી જોઈએ?

(A) નમૂના – ક મુજબ
(B) નમૂના – ખ મુજબ
(C) નમૂના – ગ મુજબ
(D) નમૂના – ઘ મુજબ

050. મુંબઈ પ્રાથમિક શિક્ષણ નિયમો, 1949 પૈકી નિયમ 125 કઈ બાબતને લગતો છે?

(A) હાજરી
(B) ગૃહકાર્ય
(C) ફી
(D) વિષય, અભ્યાસક્રમ, પુસ્તકો તથા શિક્ષણનું ધોરણ

---

## SPACE FOR ROUGH WORK / રફ કામ માટેની જગ્યા

પરીક્ષા પૂરી થયા બાદ (OMR SHEET) ઉત્તરપત્ર વર્ગ નિરીક્ષકને
પરત કર્યા બાદ જ વર્ગખંડ છોડવાનો રહેશે.
તેમ કરવામાં કસૂર થયેથી તેને શિસ્તભંગનાં પગલાં ગણી
પરીક્ષા માટે ઉમેદવારને ગેરલાયક ઠેરવવામાં આવશે.